મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૬ ટકા

ગાંધીનગર તાપમાન

શિયાળાના આગમને શહેરમાં મોર્નિંગ વૉકર્સમાં વધારો

વહેલી સવારે શહેરના ફૂટપાથ, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, સરિતાઉદ્યાન તથા પુનિતવનમાં શહેરીજનોની ભીડ

ગાંધીનગર, તા.૧૯

સામાન્ય રીતે ગુલાબી ઠંડીની સિઝન શારિરીક સુખાકારી માટે વિશેષ લાભદાયી મનાય છે. શિયાળો એટલે તબિયત બનાવવાની ઋતુ માટે જ મોર્નિંગ વોક, કસરત અને યોગ પ્રાણાયામ કરનારાઓની સંખ્યા શિયાળામાં વિશેષ જોવા મળે છે. શહેરના માર્ગો પર વહેલી સવારે સેકટરવાસીઓ મોર્નિંગ વૉક પર નીકળી પડે છે. સવારે તાજગીસભર વાતાવરણમાં શુધ્ધ ઓકિસજન શરીરને પણ ઊર્જાથી ભરી દે છે. સ્વચ્છ સુંદર અને હરિયાળા શહેરમાં શિયાળાની સવારનો નયનરમ્ય નજારો નગરજનોને આળસ છોડી પથારીમાંથી બેઠા કરવા મજબુર કરે છે. શહેરના વિવિધ ગાર્ડન જેવા કે પુનિતવન, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, સરિતાઉદ્યાન તથા શહેરના ફૂટપાથ પર શહેરીજન વોકિંગ, જોગીંગ સાથે સૂર્યનમસ્કાર, પ્રાણાયામ અને યોગા કરતા જોવા મળી રહ્યા છે. જાણે કે શિયાળો આવતાં જ શહેરીજનો હેલ્થ કોન્શિયસ થઈ ગયા છે તેમ જણાઈ રહ્યું છે.

● કહેવાય છે ને 'હેલ્થ ઇસ વેલ્થ' સવારના ૧ કલાક

ચાલવાથી ફ્રેશ રહેવાય છે. કાર્યક્ષેત્ર સ્થળે આખો દિવસ તાજગી રહે છે. એક વાર પથારીમાંથી ઉઠીની નીકળી પડીએ પછી મજા જ મજા. શિયાળાની અસર હવે જોવાઈ રહી છે ત્યારે ગાંધીનગરના હૃદયસમા ઘ-૪ ગાર્ડનમાં કસરત કરીએ છીએ.

- પાર્થ પટેલ

● ચાલવાથી શરીરને પુરતો ઓકિસજન મળે છે. આપણે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરતા હોઈએ આપણે આપણા ક્ષેત્રમાં એફિસિએન્શી લાવવી

હોય તો ફીઝીકલ ફિટનેસ જરૂરી છે એટલે તો ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ ચાલી રહી છે. હું દરરોજ સવારે ૬:૧૫ થી ૭:૧૫ સુધી મોર્નિંગ વોક કરૂં છુ.

- વિવેક ભાવસાર

● સવારની ફૂલગુલાબી ઠંડીમાં પાટનગરની હવા ખૂબ સુંદર હોય છે. જોગીગ અને રનીંગ કરીને હેલ્થી જ્યુસ પીએ છીએ. ઓઝોન વાયુ પણ મળી રહે છે. શરીરના બધા જ

અવયવો પણ ક્રિયાશીલ થઇ જાય છે વળી મન અને શરીર પણ હલકુ થઇ જાય છે.

- સૌમિલ પટેલ

● શિયાળામાં સવારે ઊઠવાની થોડીક તકલીફ પડે છે. બાકી ઉઠીને જયારે ચાલવા જાઉં છું ત્યારે ફ્રેશ ફીલ થાય છે પોઝીટીવીટીનો અનુભવ થાય છે સાથે આખો દિવસ કામ કરવાની સ્ફુર્તિ રહે છે. સવારે પક્ષીઓના અવાજની વચ્ચે રહીને શાંતિનો

અનુભવ થાય છે. ઘરે પાછા જવાનું મન થતું નથી.

- દિવ્યરાજસિંહ ચાવડા

● સવારે વહેલા ઉઠીને હું સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં વોકિંગ, જોગિંગ અને ત્યારબાદ સૂર્ય નમસ્કાર કરું છું. ખાસ સૂર્ય નમસ્કારની મુદ્રાઓને ધ્યાનમાં રાખીને હું સોશિયલ મીડિયામાં પોસ્ટ પણ કરું છું જેથી વધુને વધુ

શહેરીજનો કસરત કરવા બાબતને ધ્યાનમાં લે.

- સચિન ઠક્કર

● શિયાળાની સવાર કુદરતનું સૌથી સુંદર સ્વરૂપ છે. ધુમ્મસમાંથી પસાર થઈને આવતા સૂર્યના કિરણો



આનંદદાયક લાગે છે. ઠંડી ગુલાબી સવારમાં ફીઝીકલ એકિટવીટી, જોગીંગ અને સાયકલીંગ અઠવાડિયામાં દરરોજ અમુક મીનીટ સુધી કરું છું. જેના લીધે મારામાં અલગ જ સ્ફૂર્તિનો મને અનુભવ થાય છે.

- મિલી ટાટરીયા

● સવારની ઠંડી અને ધુમ્મસવાળા વાતાવરણમાં

ચાલવાની મજા કાંઈક અલગ જ છે. સવારે ચાલવા જાવ ત્યારે શુધ્ધ હવા અને પક્ષીઓનો કલરવ મનને શાંતિ અને પોઝીટીવ એનર્જી આપે છે. જે મારો દિવસ એકદમ ખુશાલીભર્યો બનાવી દે છે.

- કૃપા મહેતા

પાલજ-બાસણ ગામની મહિલાઓએ આઈઆઈટીની નવી હોસ્ટેલ માટે પડદાં સીવ્યા

આઈઆઈટી-ગાંધીનગરના 'નીવ' કાર્યક્રમ હેઠળ તાલીમ પામેલી ગ્રામીણ મહિલાઓને રોજગારી રળવાં સક્ષમ બની

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના પાલજ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા ચલાવાઈ રહેલા 'નીવ' કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત આઈઆઈટી કેમ્પસ નજીકના પાલજ અને બાસણ ગામની ગ્રામિણ મહિલાઓને સિલાઈ મશીન આપી સિલાઈકામની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમના પરિપાકરૂપે ૮ ગ્રામીણ મહિલાઓએ પોતાના ઘરે કામ કરીને માત્ર ૧૫ દિવસના સમયગાળામાં ૧૨૯ કાપડના પડદાનો પ્રથમ જથ્થો તૈયાર કરીને આપ્યો છે જે આઈઆઈટી ગાંધીનગરની નવી હોસ્ટેલ્સના ઓરડાઓની શોભા વધારશે.

આઈઆઈટી ગાંધીનગરના 'નીવ' કાર્યક્રમ અંતર્ગત યોજોલા તાલીમ કાર્યક્રમમાં પાલજ તથા બાસણ ગામની આઠ મહિલાઓને સીવણ કાર્યની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમના આધારે મહિલાઓએ પોતાના ઘરે અનુકૂળતા મુજબ દરરોજના આશરે ૩ થી ૫ પડદા સીવવાનું કાર્ય કરતી હતી જેમને પડદા દીઠ રૂ. ૬૦નું મહેનતાણું આપવામાં આવતું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 'નીવ' કાર્યક્રમ આઈઆઈટી દ્વારા ચલાવાતો કોમ્યુનિટી આઉટ રીચ પ્રોગ્રામ છે જે ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ તથા યુવાનોને ઉદ્યમવૃત્તિ અને કુશળતાના પ્રશિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી કાર્ય કરી આવક રળી શકવા સક્ષમ બનાવે છે.

પાલજ ગામની સ્નેહલબેન

એ બિહોલા ૨૭ વર્ષીય ગૃહિણી છે અને ૭માં ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, "મેં થોડા સમય પહેલા નીવ દ્વારા બેઝીક સ્ટિચિંગનો કોર્સ કર્યો હતો અને ઘરેથી બ્લાઉઝ અને સાડી ફોલ સીવવાનું કામ શરૂ કર્યુ હતું. શરૂઆતમાં મને થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પરંતુ અમારી ટ્રેનર મમતાબેને અમને ધૈર્યથી શીખવ્યું. મેં લગભગ ૨૫ પડદા સીવ્યા છે. નીવ સાથે કામ કર્યા પછી, મને ખૂબ સારું લાગે છે કે હું પણ કંઈક કરી શકું છું અને જાતે કમાઈ શકું છું. મારું સિલાઈ કરવાનું કામ ચાલુ રાખવાનું વિચારું છું."

માત્ર હાઈસ્કૂલ પાસ થયેલી ૨૧ વર્ષીય ઉષા વાઘેલાએ જણાવ્યું કે, "નીવથી બેઝિક સ્ટિચિંગનો અભ્યાસક્રમ શીખ્યા પછી હું બ્લાઉઝ સીવવાના આગળના અભ્યાસક્રમમાં જોડાઈ, જે દરમિયાન મને આ કામની તક વિશે જાણ થઈ. મેં ૯ પડદા બનાવ્યાં છે અને મારા ગામમાં અન્ય સીવણનું કામ પણ કરું છું. હું આશરે દર મહિને રૂ. ૧૦૦૦ કમાવા લાગી છું અને મને સારું લાગે છે કે હું મારો ખર્ચો કાઢી શકું છું."

'નીવ'ના કોર્ડીનેટર, સૌમ્યા હરીશે જણાવ્યું કે, "અમે તાલીમ મેળવનારી મહિલાઓને પોતાનું ગુજરાન ચલાવવા અને તેમના પરિવારોને મદદ કરવા માટે સજ્જ કરવાની કુશળતા આપવા માટે પ્રતિબદ્ધ છીએ. નજીકના ગ્રામીણ વિસ્તારમાં આવા કામ પૂરા કરીને આઈઆઈટી ગાંધીનગર સ્થાનિક સમુદાયના કલ્યાણ માટે સક્રિય રીતે કેવી રીતે વિચારે છે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

સરિતા મિશ્રાનું ઓડિસી નૃત્ય

શેઠ સી.એમ. શાળા સે-૨૩ ખાતે ઓડીસી નૃત્યમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકાર સરિતા મિશ્રાએ બાળકો સમક્ષ ઓડિસી નૃત્ય પ્રસ્તુત કર્યું હતું તથા શાળાના વિદ્યાર્થીઓને બેઝિક સ્ટેપ્સ શિખવાડયા હતા. શાળાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી તેમની કૃતિ નિહાળી હતી. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ચેતનાબેન બુચ દ્વારા તથા પરિચય પંકજભાઈ પટેલ અને ભરતભાઈ ગોહિલ દ્વારા કરાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કનુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના મુકેશભાઈ પટેલ તથા બિપીનભાઈ પટેલનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડીની સામાન્ય સભામાં શહેરના પ્રશ્નો ચર્ચાયા

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડી તથા ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડીની સામાન્ય સભા પ્રમુખ સુમંતભાઈ શાહના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં વર્ષ દરમિયાનના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરની શેરીઓ, કોમન પ્લોટની સ્વચ્છતા, રસ્તાઓનું રીસરફેસીંગની કામગીરી હાથ ધરાય તેવી અપેક્ષા વ્યકત કરાઈ હતી. પેન્શનરોના ૭મા પગારપંચની ઓપ્શન-૧ના વિકલ્પ અંગે ચર્ચા તેમજ તબીબી ભથ્થું-મોંઘવારી ભથ્થું મંજુર થાય તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા 'પૂર્વ પ્રારંભિક બાળ સંભાળ અને વિકાસ' વિષયે રાષ્ટ્રીય ગોષ્ઠિનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

બાળજન્મ પૂર્વેથી લઈ બાળક ૧૮ વર્ષનો થાય ત્યાં સુધીમાં એના વિકાસક્રમની સાતત્યપૂર્વકની ચિંતા કરનાર આ સમગ્ર જગતની એકમાત્ર યુનિવર્સિટી છે. ચિંતા અને ચિંતનના ભાગરૂપે ચિલ્ડ્રન્સ યુનિ. દ્વારા શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ અને રાષ્ટ્રીય બાળ સંરક્ષણ અને અધિકાર આયોગના સંયુકત ઉપક્રમે એક રાષ્ટ્રીય ગોષ્ઠિનું આયોજન તા. ૨૨-૨૩ નવેમ્બર ૨૦૧૯ શુક્રવાર શનિવારના રોજ કરવામાં આવ્યું છે. ગોષ્ઠિનો વિષય 'પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને વિકાસ' છે. આ ગોષ્ઠિન હેતુ બાળ શિક્ષણ અને બાળ વિકાસ અર્થે કાર્યરત શિક્ષણવિદો અને મનોવૈજ્ઞાનિક સંશોધન મારફતે બાળકના સર્વાંગી વિકાસના વિવિધ પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને પોતાના શોધપત્રો અને લેખોનાં તારણો રજૂ કરશે. બાળવિકાસ સંદર્ભે મળેલાં તારણો સમાજના જન જન સુધી પહોંચે અને માતા-પિતા, પરિવારજનો અને શિક્ષકો બાળઉછેર અને બાળવિકાસમાં પોતાનું ઉત્કૃષ્ટ પ્રદાન આપીને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનો ફાળો આપી શકે તેવો છે.

રાષ્ટ્રીય ગોષ્ઠિના ઉદઘાટન સત્રમાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉચ્ચ અને તકનીકી શિક્ષણના અગ્રસચિવ અંજુ શર્મા એનઆઈઓએસના અધ્યક્ષ પ્રો. ચંદ્ર ભૂષણ શર્મા, અખિલ ભારતીય શિક્ષા સંસ્થાના વિદ્યાભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી ડૉ. અવનીશ ભટનાગર વગેરેનું માર્ગદર્શન પ્રાપ્ત થશે. આ ઉપરાંત ચર્ચા પરિષદમાં પ્રો. સચ્ચિદાનંદજી જોષી, પ્રો. આર. જી. કાઠોરી, અતુલ કોઠારી, પ્રિયંક કાનૂનગો અને ડૉ. કલ્યાણી નાયડુના વકતવ્યોનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાપન પત્ર રાજયકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબહેન દવેની અધ્યક્ષતામાં આયોજિત કરવામાં આવેલું છે. આ સત્રના મુખ્ય વકતા દિલીપ બેતકેકર રહેશે. આ રાષ્ટ્રીય ગોષ્ઠિમાં દેશભરમાંથી પ્રખર શિક્ષાવિદો અને ૫૫૦ જેટલા પ્રતિભાગીઓ ઉપસ્થિત રહેશે.

સે-૩માં 'આનંદધામ' ખાતે દેવી ભાગવત પુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૩ ખાતે આજે વગડાવાળી ચેહર માતાજી મંદિર 'આનંદધામ' ખાતે શ્રી દેવી ભાગવત પુરાણ કથાનો પ્રારંભ થવા પામ્યો છે. આજે કથાની પોથીયાત્રા સે-૩ બીમાં પ્લોટ નં. ૧૩૭૨/૨ ખાતે શૈલેન્દ્રસિંહ ગોલના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે નીકળી હતી અને કથા મંડપ પહોંચી હતી જયાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું તથા પોથી પૂજન અને ધવજારોહણ કરાયા હતાં.

શહેરના સે-૩ ખાતે વગડાવાળી ચેહરમાતાજીના મંદિરે તા. ૧૯ થી ૨૭ નવેમ્બર દરમિયાન શ્રી દેવી ભાગવત પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી રામધામ વાવોલના મહામંડલેશ્વર પૂ. મધુસૂદનદાસજી મહારાજની વ્યાસપીઠે કથા યોજાશે. આજે પોથીયાત્રા 'આનંદધામ' ખાતે નવરાત્રીમાં યોજાતા 'સહિયર દાંડિયા'ની નવરાત્રી સમિતિના પ્રમુખ શૈલેન્દ્રસિંહ ગોલના નિવાસસ્થાનેથી યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક શ્રધ્ધાળુઓ પરિવાર સહિત જોડાયા હતાં. આજથી દરરોજ ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાનારી દેવી ભાગવત પુરાણ કથાના મુખ્ય યજમાન વાવોલના શ્રી કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટ છે જયારે નાની પોથીના યજમાન સે-૩-બીના ચીમનભાઈ પ્રજાપતિ, ધ્વજારોહણના યજમાન સે-૫-એના સવિતાબા ગોલ જયારે અખંડ દિપ જયોતના યજમાન ગુંદાના પરાના માનસંગભાઈ ગોહિલ છે. શ્રી દેવી ભાગવત પુરાણ કથાનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

મરજાવા
૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૫, ૪.૧૦, ૭.૦૫, ૧૦.૦૦
મોતીચુર ચકનાચુર
૧.૪૦, ૭.૨૦
બાલા
૧૦.૧૫, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
હાઉસફૂલ-૪
૪.૨૫, ૧૦.૦૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૧૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

મરજાવા
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
મોતીચુર ચકનાચુર
૪,૨૫, ૧૦.૧૫
મિસ્ટર કલાકાર (ગુજરાતી)
૧૧.૩૫
બાલા
૯.૦૦, ૨.૧૦, ૪.૫૫, ૭.૪૦, ૧૦.૨૫
હાઉસફૂલ-૪
૧.૨૫, ૭.૧૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૧૧.૫૫, ૨.૩૦, ૭.૫૫, ૧૦.૩૦

સિટી પલ્સ, કુડાસણ

મરજાવા
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
મોતીચુર ચકનાચુર
૩.૧૫, ૧૦.૦૦
મીસ્ટર કલાકાર
૫.૪૫
હાઉસફુલ-૪
૩.૪૫, ૯.૩૦
બાલા
૨.૩૦, ૯.૪૫, ૧૧.૪૫, ૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

સિટી પલ્સ, કુડાસણ

મરજાવા
૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧૨.૧૫
હાઉસફુલ-૪
૩.૦૦, ૯.૩૦
બાલા
૧૨.૩૦, ૩.૩૦, ૯.૪૫, ૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦
મીસર કલાકાર (ગુજરાતી)
૫.૪૫

ચિરવિદાય

● સ્વ. શોભનાબેન સેતાનસિંહ વાઘેલા, ઉ.વ. ૫૬
● સ્વ. વરસંગજી નેનાજી ઠાકોર, ઉ.વ. ૪૦
● સ્વ. સોની પરભુભાઈ લાલજીભાઈ, ઉ.વ. ૮૪

વાવોલ -ઉવારસદ માર્ગ પર ટ્રકની અડફેટે આધેડ વ્યકિતનું મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા વાવોલ-ઉવારસદ માર્ગ પર એસ્સાર પેટ્રોલ પંપ નજીક સવારના ૧૧ વાગ્યાના અરસામાં ચાલતા જતા એક આધેડનું ટ્રકની ટક્કરે મૃત્યુ નિપજયુ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના અને શહેરની સે-૨૮ જીઆઈડીસી ખાતે રહેતા મનરૂપભાઈ ભોજાભાઈ ગુર્જર વાવોલ-ઉવારસદ માર્ગ પર ભંગારની દુકાન ચલાવે છે. આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં તેઓ ચાલતા ચાલતા દુકાન તરફ જઈ રહ્યા હતા. તે સમયે એસ્સાર પેટ્રોલ પંપ પાસે પાછળથી આવી રહેલી ટ્રક જી.જે.૧૮.એ.ઝેડ-૮૦૮૪ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી આધેડને ટક્કર મારતા માર્ગ પર પટકાતા મનરૂપભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. જયારે બનાવને પગલે ટ્રક ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. બનાવને પગલે પોલીસને જાણ કરતા અડાલજ પોલીસ મથકના કર્મચારી તાત્કાલીક આવી પહોંચ્યા હતા અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.